અપીલ અરજી નં.ર તા.ર–૪ –૧૧–૧ર
ફોન નં. ર૪ર૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જ્ઞાનેશ્વર તુકારામ પાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જ્ઞાનેશ્વર તુકારામ પાટીલની તા.૫–ર–૧૧ની અરજીથી (૧) દક્ષેશ્વર મંદિરથી પીયુષ કોમ્પલેક્ષ સુધીના રોડની પોહળાઈ પ્લાન પ્રમાણે કેટલા મીટરની છે? (ર) હાલમાં પીયુષ કોમ્પલેક્ષ થી અલથાણ બ્રીજ સુધી રોડની પોહળાઈ કેટલા મીટરની છે? વિ. મુદ્દા નં.૧ થી ૫ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૦ર–૪–૧૧ ની **SMC/FAP/** નં.ર /ર૦૧૧–૧ર

શ્રી જ્ઞાનેશ્વર તુકારામ પાટીલની તા.૫–ર–૧૧ની અરજીથી (૧) દક્ષેશ્વર મંદિરથી પીયુષ કોમ્પલેક્ષ સુધીના રોડની પોહળાઈ પ્લાન પ્રમાણે કેટલા મીટરની છે? (ર) હાલમાં પીયુષ કોમ્પલેક્ષ થી અલથાણ બ્રીજ સુધી રોડની પોહળાઈ કેટલા મીટરની છે? વિ. મુદ્દા નં.૧ થી ૫ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) ના પત્ર નં.સા.ઝોન/ટેક/૭૪૩ તા.૪–૩–૧૧થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦ર–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫ તા.૭–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી મળેલ છે. તેવું અરજદારે જ રજૂ કરેલ જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર પરથી જણાય છે. તે ઘ્યાને લેતાં રજુ કરેલ જાહેર માહિતી અધિકારીના પત્ર અનુસાર માહિતી મળ્યા બાદ માત્ર મુળ માંગેલ માહિતી પૈકી કોઈ નારાજગી હોય તો સ્પષ્ટ કરવા તથા ફી ભર્યાની વિગત પણ મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૫–ર–૧૧ ની અરજીથી દક્ષેશ્વર મંદિરથી અલથાણ બ્રીજ સુધીના રોડ અને દબાણો અંગેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૭૪૩ તા.૪–૩–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવ મુદ્દા નં.૩,૪ અને ૫ અંગે નારાજગી વ્યકત કરી તા.ર–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની મુદ્દા નં.૧ (૧) દક્ષેશ્વર મંદિરથી પીયુષ કોમ્પલેક્ષ સુધીના રોડની પોહળાઈ પ્લાન પ્રમાણે કેટલા મીટરની છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દક્ષેશ્વર મંદિરથી પીયુસ કોમ્પલેક્ષ સુધી રોડની પોહળાઈ ડ્રા. ટી.પી. ૫૭ (પાંડેસરા) મુજબ ૩૬.૦૦ મીટર છે.તેવું જણાવેલ છે. (ર) હાલમાં પીયુષ કોમ્પલેક્ષ થી અલથાણ બ્રીજ સુધી રોડની પહોળાઈ કેટલા મીટરની છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પિયુષ કોમ્પલેક્ષથી અલથાણ બ્રીજ સુધી રોડની પહોળાઈ ડી.પી. મુજબ ૪૫.૦૦ મીટર છે. તેવું જણાવેલ છે. (૩) હાલમાં દક્ષેશ્વર મંદિરથી પીયુસ કોમ્પલેક્ષ સુધી જે સી.સી. રોડ બનાવવામાં આવે છે તે રોડની પહોળાઈ કેટલા મીટરની છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દક્ષેશ્વર મંદિરથી પીયુસ કોમ્પલેક્ષ સુધી ડીવાઈડરની બંને બાજુ ૧૦.૫૦ મી. પહોળાઈમાં સી.સી. રોડ બનાવવાની કામગીરી હાલમાં ચાલુ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં મુદ્દા નં.૩ માં દક્ષેશ્વર મહાદેવ મંદિરથી પીયુસ કોમ્પ. સુધીનો રોડ ૧ર૦ ફુટનો છે તો હાલમાં બંને બાજુમાં ૩૫/૩૫ ફુટનો આરસીસી રોડ બની રહયો છે તો બાકીના ૫૦ ફુટના રોડનું શું છે તેની માહિતી માંગેલ છે. જે અરજદારે મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૪) પ્લાન પ્રમાણે દક્ષેશ્વર મંદિરથી પીયુષ કોમ્પલેક્ષ સુધીના રસ્તામાં કેટલા ઠેકાણે દબાણ છે.? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લાન પ્રમાણે દક્ષેશ્વર મંદિરથી પીયુષ કોમ્પલેક્ષ સુધીના રસ્તામાં દબાણ અંગે ઉધનાઝોનની કચેરીમાં રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં મુદ્દા નં.૪ અંગે રોડ ટીપી પ્રમાણે પજેશન લેવાનું હોય છે પરંતુ કિસ્સામાં દબાણ છુપાવવાનો પ્રત્યત્ન થયેલ છે પીયુષ કોમ્પ. માંથી ખાડીના પુલ સુધી ટીપી પ્રમાણે રસ્તો ૧૫૦ફુટનો છે તે આરસીસી બનાવવા માટે રસ્તામાં નડતરરૂપ તમામ દબાણો હટાવવામાં આવેલા છે ત્યારે દક્ષેશ્વર નગરથી પીયુષ કોમ્પ. રસ્તામાં જે દબાણો છે તે કેમ હટાવવામાં આવેલ નથી. ટીપીના રસ્તા પર દબાણ બાબતની સંપૂર્ણ માહિતી મહાનગરપાલિકા પાસે હોય છે. પરંતુ જે દબાણો છે તે ખુલ્લા પડી જશે તેથી માહિતી ઉપલબ્ધ નથી એવો જવાબ આપી પ્રશ્નને દબાવવાનો પ્રયત્ન કરેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને (જે) હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તે જોતાં જાહેર

માહિતી અધિકારીએ દફતરી માહિતી જણાવેલ છે. અરજદારે રસ્તાના દબાણો હટાવવામાં આવેલ નથી તેવી કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. (૫) જો પ્લાન પ્રમાણે રસ્તાના વિકાસના કામમાં ગેર કાયદેસર દબાણ અવરોધરૂપ હોય તે ગેર કાયદેસર દબાણનું ડીમોલીશન કેમ કરવામાં આવતું નથી અને જો આ ગેર કાયદેસર બાંધકામનું ડીમોલીશન કરવા માંગતા હોય તો તે કયારે કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ અન્વયે ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે શા માટે કાર્યવાહી કરવામાં આવતી નથી તે બાબતો આરટીઆઈ એકટમાં સમાવેશ થતો નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં મુદ્દા નં.૫ ની માહિતી અધિકારી ઝોનના વડા હોય છે ત્યારે માહિતી અધિકારી હેઠળ ફકત માહિતી જ આપવાની હોય છે તો કાર્યવાહી કરવાનો અધિકાર શું માહિતી અધિકારી (ઝોનના વડા) ને હોતો નથી? આ કેટલા અંશે બરાબર છે? ઝોનના વડા તરફથી સુરત નવસારી ટીપીના રોડને ૨૦૦ ફુટનો બનાવવાની કામગીરી વખતે ભેસ્તાનથી ઉધના સુધીના તમામ દબાણોને દુર કરવામાં આવ્યા છે તો દક્ષેશ્વર મહાદેવ મંદિર પીયુષ કોમ્પ. સુધીના રોડ પર આવેલા દબાણોને દુર કરવાની જવાબદારી પણ તેમની જ છે. જેથી અમોને આપેલ જવાબ બરાબર નથી અને અમોને તેનાથી સંતોષ પણ નથી. જેમાં અરજદારે દબાણો દુર કરવાની જવાબદારી અંગે રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૫ માં અરજદારે " જો ગેરકાયદેસર દબાણ અવરોધરૂપ હોય તો" ધારણા આધારિત મુદ્દો ઉપસ્થિત કરી કાર્યવાહી કેમ થયેલ નથી તથા ભવિષ્યની કાર્યવાહીને લગતી માહિતિ માંગેલ છે. જે પૈકી ગેરકાયદેસર દબાણની અથવા તેની કાર્યવાહીને લગતી માહિતિ દફતરે ઉપલબ્ધ હોય તો આપવા પાત્ર થાય. ભવિષ્યની કાર્યવાહી અંગે અરજદારનો માહિતિનો આગ્રહ જોગવાઈ સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૪ અને ૫ બાબતે ગેરકાયદેસર દબાણને લગતા રજીસ્ટર કે ફાઈલનું દફતરી ઈન્સ્પેકશન કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરવા સ્વતંત્ર છે. જે માટે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. અરજદારની મુદ્દા નં.૩ ની મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે ૫૦ ફુટના રોડ અંગેનો વધારાનો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અંગે અરજદાર આરટીઆઈ એકટની જોગવાઈઓ અને નિયમો અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે દબાણો દુર કરવા અંગેની કાર્યવાહીને લગતા પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જ્ઞાનેશ્વર તુકારામ પાટીલ,